# સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

## સુરસાગર ડેરી – વઢવાણ

ઠાકરધણી સુરસાગર ભવન, પ્લોટ નં. ૨૪૯, ફેઈઝ નં. ૨, આંબાવાડી, જી.આઈ.ડી.સી., વઢવાણ –૩૬૩ ૦૩૫

એસએસડી/એસએનઆર/સીએસ/સહાયીત યોજનાઓ/૨૦૨૪/ ૨૮૦૭      તા.૦૧/૧૦/૨૦૨૪

## –// પરિપત્ર //–

## દૂધ સંઘ સંયોજીત દૂધ મંડળીઓમાં દૂધ ભરતા ગ્રાહકો માટેની સહાયીત યોજનાઓ બાબત

**સંદર્ભ : તા.૩૦/૦૯/૨૦૨૪ ના રોજની વાર્ષિક સાધારણ સભાનો ઠરાવ નં. ૧૫**

સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વઢવાણ સંયોજીત તમામ સુચિત/રજીસ્ટર દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને જણાવવાનું કે ઉપરોકત સંદર્ભ મુજબ દૂધ ભરતા ગ્રાહકોને મળતી વિમા રાશીમાં વધારો કરવામાં આવેલ છે. નીચેની ત્રણેય યોજના હેઠળ સહાય મેળવવા માટેના નિતિ–નિયમો નીચે મુજબ રહેશે. જેની દરેક સુચિત/રજીસ્ટર દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓએ નોંધ લેવી.

❖ **ગ્રાહક મરણોતર સહાય યોજના :**

| ક્રમ. | વિગત | નિતી–નિયમો |
|---|---|---|
| ૧ | અમલ તારીખ | તા.૦૧/૧૦/૨૦૨૪ થી |
| ૨ | સહાયની રકમ | રૂા.૫૫૦૦૦/– (અંકે રૂપિયા પંચાવન હજાર પુરા) |
| ૩ | યોજનાના લાભાર્થી | દૂધ સંઘને દૂધ આપતી તમામ સુચિત/રજીસ્ટર દૂધ મંડળીઓમાં દૂધ આપતા તમામ ગ્રાહકો |
| ૪ | પાત્રતા | (૧) મૃત્યુ પામનાર ગ્રાહકના નામે સુચિત/રજીસ્ટર મંડળીમાં પોતાના નામે જ અગાઉના કે ચાલુ સહકારી વર્ષમાં ૯૦ દિવસ દૂધ ભરાયેલું હોવું જોઈએ.<br>(૨) મૃતક ગ્રાહકની ઉમર ૧૮ વર્ષથી વધુ હોવી જોઈએ. |
| ૫ | સહાયની રકમ કોને મળશે? | મૃતકના કાયદેસરના વારસદારને. |
| ૬ | વિમા કલેઈમ સાથે રજુ કરવાના આધાર–પુરાવા | (૧)મૃતકનો ઉમરનો પુરાવો. :– આધાર કાર્ડ/ચુંટણી કાર્ડ/સ્કુલ લિવીંગ સર્ટીફીકેટ/જન્મ તારીખનો દાખલો.<br>(૨)મૃતકનું મરણનું અસલ પ્રમાણપત્ર અથવા પ્રમાણિત ખરી નકલ<br>(૩)સુચિત/રજીસ્ટર દૂધ મંડળીમાં ભરાવેલ મંડળીના સહી સિકકા સાથેની અસલ સમરી.<br>(૪)મૃતકના કાયદેસરના વારસદારનું આધાર કાર્ડ તથા આઈ.એફ.એસ.સી. કોડ ધરાવતી બેન્કની પાસબુકની ઝેરોક્ષ નકલ અથવા કેન્સલ ચેક. |
| ૭ | કલેઈમ રજુ કરવાની સમય મર્યાદા | મૃત્યુ દિવસથી ૯૦ દિવસ સુધીમાં દૂધ સંઘમાં રજુ કરવાની રહેશે. |

( પાના નં. ૨ ઉપર...

# સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

સુરસાગર ડેરી – વઢવાણ

ઠાકરધણી સુરસાગર ભવન, પ્લોટ નં. ૨૪૯, ફેઈઝ નં. ૨, આંબાવાડી, જી.આઈ.ડી.સી., વઢવાણ –૩૬૩ ૦૩૫




### ❖ જુથ વિમા યોજના :

| ક્રમ. | વિગત | નિતી–નિયમો |
|---|---|---|
| ૧ | અમલ તારીખ | તા.૦૧/૧૨/૨૦૨૪ થી |
| ૨ | સહાયની રકમ | રૂા.૭૫૦૦૦/– (અંકે રૂપિયા પંચોતેર હજાર પુરા) |
| ૩ | યોજનાના લાભાર્થી | દૂધ સંઘને દૂધ આપતી તમામ સુચિત/રજીસ્ટર દૂધ મંડળીઓના સદર યોજનામાં વિમા રક્ષણ હેઠળ આવરી લીધેલ તમામ ગ્રાહકો |
| ૪ | પાત્રતા | મૃતક ગ્રાહકની ઉમર ૧૮ થી ૫૮ વર્ષ સુધીની હોવી જોઈએ. |
| ૫ | સહાયની રકમ કોને મળશે? | મૃતકના કાયદેસરના વારસદારને. |
| ૬ | વિમા કલેઈમ સાથે રજુ કરવાના આધાર–પુરાવા | (૧) મૃતકનો ઉંમરનો પુરાવો. :– આધાર કાર્ડ / ચુંટણી કાર્ડ /સ્કુલ લિવીંગ સર્ટીફીકેટ/જન્મ તારીખનો દાખલો.<br>(૨) મૃતકના મરણનું પ્રમાણપત્ર<br>(૩) મૃતકના કાયદેસરના વારસદારનું આધાર કાર્ડ તથા આઈ.એફ.એસ.સી. કોડ ધરાવતી બેન્કની પાસબુકની ઝેરોક્ષ નકલ અથવા કેન્સલ ચેક. |
| ૭ | કલેઈમ રજુ કરવાની સમય મર્યાદા | મૃત્યુ દિવસથી ૯૦ દિવસ સુધીમાં દૂધ સંઘમાં રજુ કરવાની રહેશે. |
| ૮ | વિમા પ્રિમીયમ | ભારતીય જીવન વિમા નિગમ તરફથી રૂા.૭૫,૦૦૦/– વિમા રાશીની રકમ માટે જે વાર્ષિક પ્રિમીયમ ભરવાનું થાય તેમાં ૫૦% રકમ દૂધ સંઘે અને ૫૦% રકમ જે તે સુચિત/રજીસ્ટર મંડળીએ ભરવાની રહેશે. |

### ❖ ગ્રુપ અકસ્માત વિમા યોજના :

| ક્રમ. | વિગત | નિતી–નિયમો |
|---|---|---|
| ૧ | અમલ તારીખ | તા.૦૧/૧૦/૨૦૨૪ થી |
| ૨ | સહાયની રકમ | રૂા.૨,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા બે લાખ પુરા) |
| ૩ | યોજનાના લાભાર્થી | દૂધ સંઘને દૂધ આપતી તમામ સુચિત/રજીસ્ટર દૂધ મંડળીઓ તથા દૂધ ખરીદ કેન્દ્રોમાં અગાઉના સહકારી વર્ષમાં દૂધ આપેલ તમામ ગ્રાહકો |
| ૪ | પાત્રતા | મૃતક ગ્રાહકની ઉમર ૧૮ થી ૮૦ વર્ષ સુધી હોવી જોઈએ. |
| ૫ | સહાયની રકમ કોને મળશે? | મૃતકના કાયદેસરના વારસદારને. |
| ૬ | વિમા કલેઈમ સાથે રજુ કરવાના આધાર–પુરાવા | (૧) મૃતકનો ઉંમરનો પુરાવો. :– આધાર કાર્ડ/ચુંટણી કાર્ડ/સ્કુલ લિવીંગ સર્ટીફીકેટ/જન્મ તારીખનો દાખલો.<br>(૨) મૃતકનું મરણનું અસલ પ્રમાણપત્ર અથવા પ્રમાણિત ખરી નકલ |


(પાના નં. ૩ ઉપર...

# સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

## સુરસાગર ડેરી – વઢવાણ

ઠાકરધણી સુરસાગર ભવન, પ્લોટ નં. ૨૪૯, ફેઈઝ નં. ૨, આંબાવાડી, જી.આઈ.ડી.સી., વઢવાણ –૩૬૩ ૦૩૫



| | | |
|---|---|---|
| | | (૩) સુચિત/રજીસ્ટર દૂધ મંડળી કે દૂધ ખરીદ કેન્દ્રમાં ભરાવેલ મંડળીના સહી સિકકા સાથેની અસલ સમરી.<br>(૪) મૃતકના કાયદેસરના વારસદારનું આધાર કાર્ડ તથા આઈ.એફ.એસ.સી. કોડ ધરાવતી બેન્કની પાસબુકની ઝેરોક્ષ નકલ અથવા કેન્સલ ચેક.<br>(૫) પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ એફ.આઈ.આર.ની ખરી નકલ.<br>(૬) પોસ્ટ મોટમ રીપોર્ટની ખરી નકલ.<br>(૭) મૃતકના ડ્રાઈવીંગ લાયસન્સની ખરી નકલ. |
| ૭ | **અકસ્માતમાં કેવા કિસ્સાઓ ગણાશે.** | વાહન અકસ્માત,દાઝી જવાથી,વિજળી કરંટ લાગવાથી,ઝેરી જીવજંતુ કરડવાથી,હડકવાથી,સંર્પદંશથી કે પાણીમાં ડુબી જવાથી |
| ૮ | **કલેઈમ રજુ કરવાની સમય મર્યાદા** | મૃત્યુ દિવસથી ૩૦ દિવસ સુધીમાં દૂધ સંઘમાં રજુ કરવાની રહેશે. |

**મેનેજીંગ ડીરેકટર**

**<u>નકલ રવાના</u> :**

(૧) પ્રતિ, શ્રી પ્રમુખ /મંત્રી/મુખ્ય સંચાલક તમામ સુચિત/રજીસ્ટર દૂધ મંડળીઓ તથા દૂધ ખરીદ કેન્દ્રો : ગ્રાહકોના બહોળા પ્રચાર–પ્રસાર અર્થે તથા જરૂરી અમલ સારૂ.

(૨) પ્રતિ, શ્રી તમામ ક્ષેત્રગામી કર્મચારીઓ તથા તમામ વિભાગીય વડાઓ : પરિપત્રનો બહોળો પ્રચાર થાય અને વધુ ગ્રાહકોને લાભ મળે તે જોવા સારૂ.

(૩) પ્રતિ, શ્રી સેન્ટર ઈન્ચાર્જશ્રી,ચોટીલા/પાટડી : જાણ સારૂ.

**<u>સવિનય નકલ રવાના</u> :**

(૧) માન. ચેરમેન સાહેબ / વાઈસ ચેરમેન સાહેબ, તથા બોર્ડ ઓફ ડીરેકટરશ્રી તમામ : જાણ સારૂ.

(૨) પ્રતિ,શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સાહેબ સહકારી મંડળીઓ (સહકાર) બહુમાળી ભવન,સુરેન્દ્રનગર : જાણ સારૂ.

(૩) પ્રતિ, શ્રી ખાસ અન્વેષક (દૂધ) દૂધ અન્વેષણ કાર્યાલય, સુરેન્દ્રનગર : જાણ સારૂ.